**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# સોમનાથ મંદિર પર ગઝનીના આક્રમણ સામે ગુજરાતના શાસકો અને પ્રજાનો સંઘર્ષ

ડૉ. રાજેશ ચૌહાણ

એસોસિએટ પ્રોફેસર ઈતિહાસ

ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી, ગાંધીનગર.

**સારાંશ :**

પ્રાચીન હિન્દુ ધર્મ ગ્રંથો અને કથાનક અનુસાર 'સોમ' અથાર્થ 'ચંદ્ર' એ, 'દક્ષપ્રજાપતિ' રાજાની ૨૭ કન્યાઓ સાથે લગ્ન કર્યા હતા. પરંતુ તેમાં 'રોહિણી' નામની પોતાની પત્નીને વધુ પ્રેમ અને સન્માન આપતા હતા. બીજી કન્યાઓએ પોતાના રાજા – પિતા 'દક્ષપ્રજાપતિને' ફરિયાદ કરી. પોતાની અન્ય કન્યાઓને થયેલા અન્યાય જોઇને ક્રોધમાં આવી દક્ષે ચંદ્રને શ્રાપ આપ્યો કે દરોજ તમારું તેજ ક્ષિણ થતું જશે. ફલસ્વરૂપ બીજા દિવસે ચંદ્રનું તેજ ઓછુ થવા લાગ્યું. શ્રાપથી વિચલિત અને દુઃખી 'સોમે' ભગવાન શિવની આરાધના શરુ કરી. અંતઃ શિવ પ્રસન્ન થયા અને સોમ-ચંદ્રના શ્રાપનું નિવારણ કર્યું. સોમના કષ્ટ દુર કરવાવાળા પ્રભુ શિવની સ્થાપના અહી કરી હોવાથી જ મંદિરનું નામ સોમનાથ પડ્યું છે.

ભારતની પશ્ચિમ સરહદ પર સ્થિત જાબુલ અને કાબુલ રાજ્ય પર પણ સતત હુમલા કરી રહ્યા હતા. આ પ્રદેશોમાં તેઓએ લગભગ બે સદીઓ સુધી એક યા બીજા સ્વરૂપે લગભગ બે સદીઓ અસરકારક પ્રતિકારનો સામનો કર્યો. લગભગ બે સદીઓ સુધી પ્રતિકાર કરનારા કાબુલના શાસકો એક તરફ વિદેશી આક્રમણનો સામનો કરી રહ્યા હતા. બીજી તરફ તેઓ આંતરિક કટોકટીનો પણ સામનો કરી રહ્યા હતા. કાબુલ પર શાસન કરનારા પ્રારંભિક શાસકો તુર્કી શાહી વંશના હતા અને કદાચ બૌદ્ધ હતા. આ વંશના છેલ્લા શાસક લગતુર્મનને તેના મંત્રી (વજીર) કલ્લર અથવા લલ્લિયને દૂર કરવામાં આવ્યા. નવમી સદીના મધ્યમાં સિંહાસન સંભાળ્યું હતું અને કાબુલમાં હિન્દુ શાહી વંશનો પાયો નાખ્યો હતો. આ શાસકના શાસન દરમિયાન સફારો વંશના સ્થાપક યાકુબ બિન લઇસે ઈ.સ. 870માં કાબુલ પર કબજો કર્યો. પરિણામે કલ્લર (લલિયા)ને કાબુલથી પૂર્વ તરફ પીછેહઠ કરવી પડી અને ઉદભંડપુર નામના સ્થળે તેની રાજધાની સ્થાપિત કરવી પડી.

**પ્રસ્તાવના** : ગીર – સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકામાં આવેલું પ્રાચીન નગર. ભૌગોલિક સ્થાન : તે 20° 53′ ઉ. અ. અને 70° 24′ પૂ. રે. પર વેરાવળથી માત્ર આઠ કિમી. દૂર અરબી સમુદ્રને કાંઠે સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગમાં આવેલું છે.

આ સ્થળ ‘પાટણ’, ‘દેવપાટણ’, ‘પ્રભાસપાટણ’ અને ‘સોમનાથ પાટણ’ જેવાં જુદાં જુદાં નામોથી જાણીતું બનેલું છે. ભારતભરમાંથી હજારો યાત્રાળુઓ અહીં દર્શન નિમિત્તે આવે છે. અહીં અરબી સમુદ્ર પાસે સરસ્વતી, હિરણ અને કપિલા નદીઓનો ત્રિવેણીસંગમ થાય છે, તેથી પ્રભાસક્ષેત્ર તરીકે પણ ઓળખાય છે. અહીંના ત્રિવેણીસંગમ ખાતે સ્નાન કરવાનું ખૂબ માહાત્મ્ય ગણાય છે. મહાભારતના કાળ દરમિયાન યુદ્ધ બાદ યાદવાસ્થળી થતાં યાદવો કપાઈ મર્યા તેથી ખિન્ન થયેલા શ્રીકૃષ્ણ આરામ માટે અહીંના પીપળાના વૃક્ષને અઢેલીને ધ્યાનમગ્ન બેઠેલા હતા ત્યારે તેમને હરણ માનીને એક પારધીએ દૂરથી બાણ છોડીને તેમને મારી નાખ્યા હતા. આ સ્થળ દેહોત્સર્ગ અથવા ભાલકાતીર્થ તરીકે ઓળખાય છે.

સોમનાથ મંદિર પ્રાચીન ભારતીય મંદિર વાસ્તુકલાનું એક આદર્શ ઉદાહરણ છે. સોમનાથ ૧૨ ‘જ્યોર્તિલિંગ’ માનું એક છે. હિન્દુ દેવતાઓમાં તેને સૌથી પવિત્ર માનવામાં આવે છે. સોમનાથ મંદિરને બનાવવામાં ૧૦,૦૦૦ ગામમાંથી રાજસ્વ એકત્ર કરવામાં આવતું હતું. પ્રાચીન કાળથી બધા જ ક્ષેત્રના લોકો મંદિરના દર્શને આવતા હતા.

સોમનાથ મંદિરનું લિંગ સ્વયંભૂ હોવાનું મનાય છે. તેની કોઈએ સ્થાપના કરી હોય એવું જાણવા મળતું નથી. સત્યયુગમાં તે ભૈરવેશ્વર, ત્રેતાયુગમાં તે શ્રવણીકેશ્વર, દ્વાપરયુગમાં તે ગલવેશ્વર અને કલિયુગમાં તે સોમનાથ તરીકે ઓળખાતું રહ્યું છે. જૂના વખતમાં પ્રભાસપાટણ તરીકે આ સ્થળ પવિત્ર નદી, નારી, અશ્વ, સોમનાથ અને હરિદર્શન એમ પાંચ બાબતો માટે પ્રખ્યાત હતું.

લોકકથાઓ અનુસાર આ ક્ષેત્રમાં શ્રીકૃષ્ણએ દેહત્યાગ કર્યો હતો. સોમનાથ મંદિરથી થોડાક જ કી.મી. દુર તભાલકાતીર્થ છે, એવી માન્યતા છે કે, શ્રીકૃષ્ણ ભાલકાતીર્થ પર વિશ્રામ કરતા હતા ત્યારે શિકારીએ તીર માર્યું અને ત્યાં જ શ્રીકૃષ્ણએ દેહત્યાગ કરી વૈકુંઠ ગમન કર્યું. આ સ્થાન પર એક સુંદર મંદિર બન્યું છે.

તીર્થસ્થળ હોવા ઉપરાંત તે બંદર પણ હતું. રાતા સમુદ્રનાં, ઈરાની અખાત પરનાં અને પૂર્વ આફ્રિકાનાં બંદરો સાથે સોમનાથનો બહોળો વેપાર ચાલતો. આ વિદેશી સ્થળોમાંથી ઘોડા, ખજૂર, લવિંગ જેવી વસ્તુઓની આયાત થતી. સૂરતના ઉદય પૂર્વે, મક્કા અને મદીનાના મુસ્લિમોનાં ધાર્મિક સ્થળોના પ્રવાસ માટે સોમનાથ મુખ્ય બંદર હતું. તે શૈવધર્મના પાશુપત સંપ્રદાયનું પણ મહત્વનું મથક હતું.

સોમનાથ બંદરેથી થતા વેપાર તેમજ મંદિરની આવકથી લોભાઈને મુસ્લિમોના આક્રમણનું તે ભોગ બન્યું હતું. અફઘાનિસ્તાનના સુલતાન મહમ્મદ ગઝનવીએ 1026માં સોમનાથ પર ચડાઈ કરેલી. તેણે જ્યોતિર્લિંગ તથા મંદિરની ઇમારતને તોડી નાખ્યાં હતાં. મંદિર તેમજ શહેરને લૂંટી તે પાછો ફર્યો. તે પછી મુઝફ્ફરશાહ પહેલાએ અને તેના પૌત્ર અહમદશાહે પણ મંદિરનો ધ્વંસ કરી નાખેલો. દંતકથા પ્રમાણે સોમરાજે આ મંદિર સોનાનું બંધાવેલું.

**ઇસ્લામિક આક્રમણ સામે ગુજરાતના શાસકો અને પ્રજાનો સંઘર્ષ :**

ગઝનીના શાસકો ભારતમાં એક નવા પ્રદેશની શોધમાં નીકળ્યા. કાશ્મીર સામેના બે અભિયાનોની નિષ્ફળતાને કારણે તે ફરીથી ત્યાં જવાનું વિચારવાનું પડતું મુક્યું. થાણેશ્વર અને મથુરાની અપાર સંપત્તિ લૂંટી લીધી હતી. ગંગા- યમુનાના મેદાનોમાં ચંદેલ વિદ્યાધરના કુશળ પ્રતિકારને તેઓ ભૂલી શક્યા નહીં. જો તે પશ્ચિમી રણના ભાગોમાં જાય તો તેને કંઈપણ મળવાનું ન હતું. બીજી તરફ સતત શક્તિશાળી બની રહેલ શાકંભરીના ચૌહાણો સાથે જોખમ ઉઠાવવું પડે તેમ હતું.  તેથી એ સમયે ગુજરાતમાં સોમનાથ મંદિરની સમૃદ્ધિ

વિશે જાણ થતા તેને લૂંટવાનું નક્કી કર્યું.

મહમુદ પાસે સોમનાથ અભિયાનના ઉપરોક્ત કારણો હતા પરંતુ મુસ્લિમ લેખકોએ તેને પોતપોતાની રીતે રજૂ કરતાં કહ્યું હતું કે, તે સ્થળના રહેવાસીઓ એવું માનતા, મહમૂદે જે મંદિર અને મૂર્તિ તોડી છે તેનાથી સોમનાથ ગુસ્સે થશે અને જો મંદિર તરફ આગળ વધશે તો સોમનાથ ભગવાન તેનો નાશ કરશે.

કુશળ સૈનાપતિ હોવાને કારણે તે જાણતો હતો કે, સુદૂર આક્રમણ માટે વધુ સરળ અને નિર્વિઘ્ન રસ્તો અપનાવવો જોઈએ. મુલતાન તેના શાસન હેઠળ હતું. તેથી જ ગઝની થી મુલતાન, ફરી મુલતાન થી સોમનાથ સુધીનો માર્ગ સૌથી સહેલો હતો. પરંતુ મુલતાનથી મધ્ય રાજસ્થાન થઈને ગુજરાત પ્રસ્થાન કરવાનો અર્થ વ્યર્થમાં શાકંભરીના ચૌહાણો સાથેની લડાઈ કરવી પડે તેથી તેણે મુલતાનથી આગળ ભારતના પશ્ચિમી રણમાં તત્કાલિન લોદવાના નબળા ભાટીઓ સાથે લડીને સોમનાથ પહોંચવાનો સમજદાર નિર્ણય લીધો.

મહમૂદે ૧૮ ઓક્ટોબર, ૧૦૨૫ના રોજ 30,000 ઘોડેસવારો અને ઘણા સ્વયંસેવકો સાથે ગઝની છોડ્યું અને મધ્ય રમઝાન (6 નવેમ્બર)ની મુલતાન પહોંચ્યો. મુલતાનથી આગળનો રસ્તો રણ વિસ્તારોમાંથી પસાર થતો હોવાથી મહમૂદ 30,000 ઊંટો પર અન્ન અને પાણી લઈને નીકળ્યો. જે બાદ લોદવા નામના મજબૂત કિલ્લા પાસે પહોંચી ગયા.

ફાસ્કીના કહેવા પ્રમાણે ત્યાંના રહેવાસીઓ ગર્જના કરતા સિંહ જેવા હતા. પરંપરા મુજબ શક્તિશાળી શાસક રાવલ બછરાજનું શાસન હતું. ઇબ્નુલ અમીર કહે છે કે, શરૂઆતમાં ત્યાંના રહેવાસીઓએ સમાધાન કરવાનો પ્રયાસ કર્યો પરંતુ મહમૂદે તેમના કિલ્લાને ઘેરી લીધો અને તેને પોતાના અધિકાર હેઠળ લઈ લીધો અને ત્યાંની ઘણી મૂર્તિઓનો નાશ કર્યો. ઇબ્નુલ અમીરનું આ નિવેદન સાચું જણાતું નથી. જ્યારે શાસક કે રહેવાસીઓ જ સમાધાન કરવા માંગતા હોય તો પછી કિલ્લાને ઘેરવાની શું જરૂર હતી? એવું લાગે છે કે પહેલા

મહેમુદે કિલ્લાને ઘેરી લેવાની યોજના બનાવી હશે અને પછી કેટલાક પ્રતિકાર પછી ત્યાંના લોકોએ આત્મસમર્પણ કર્યું હશે. મહમૂદ ચિકદુર થઈને જીલકદા (ડિસેમ્બર, ૧૦૨૫)ની શરૂઆતમાં ગુજરાતની રાજધાની અણહિલવાડા પહોંચ્યો હતો.

સોલંકી શાસક ભીમદેવ તે સમયે ગુજરાતના શાસક હતા જેમની પાસે ૧ લાખ ઘોડેસવાર, 60 હજાર પાયદળ અને 200 હાથી હતા. મહાભારતના રચયિતા, ગીતાના પ્રેમી, કર્મયોગી કૃષ્ણ નગરના શાસક મુસ્લિમ આક્રમણખોરોનો પ્રતિકાર કર્યા વિના રાજધાની છોડીને કચ્છના કંદાહટ (કંથકોટ) નામના મજબૂત કિલ્લામાં ભાગી ગયા અને ત્યાં જ રહીને યુદ્ધની તૈયારી. કરી. મજુમદારે પોતાના નાયકન પક્ષમાં દલીલ રજૂ કરતાં લખ્યું છે કે અણહિલવાડ શહેર કુદરતી રક્ષણથી સમૃદ્ધ હતું. તેથી જ્યારે ભીમદેવને અચાનક અણહિલવાડ નજીક મુસ્લિમોના આગમનના સમાચાર મળ્યા ત્યારે તે તેની રાજધાનીની સુરક્ષા કરવામાં અસમર્થ હતો અને તેની સેનાનીઓની હત્યા ન થાય તેને સુરક્ષિત રાખવા ભાગી ગયો.

ગુજરાતની રાજધાની અણહિલવાડ પર નિયંત્રણ મેળવ્યા પછી મહમૂદ મુંધેર (મોઘેરા) તરફ આગળ વધ્યો. (અશોક, ચાલુક્ય ઓફ ગુજરાત) જ્યાં 20 હજાર સૈનિકો હતા જેમણે મહેમુદનું આધિનતા સ્વિકારવાનો ઇનકાર કર્યો હતો. જોકે ઇબ્નુલ અમીર ખૂબ જ સંક્ષિપ્તમાં લખે છે કે, તેઓ મહમૂદ દ્વારા પરાજિત થયા હતા. પરંતુ તે જ જગ્યાએ વી.સં. ૧૦૮૩/૧૦૨૬-૨૭ ઈ.સ.માં બનેલા મંદિરમાં મજુમદારનું અનુમાન છે કે, ત્યાંના રહેવાસીઓએ આક્રમણકારીનો ઉગ્ર પ્રતિકાર કર્યો. તેમની સ્મૃતિને સુરક્ષિત રાખવા માટે ગુજરાતની જનતાએ મંદિર બનાવ્યું હશે.

મહમૂદ સોમનાથ થી બે દિવસના અંતરે દેલવાડા (દેવલવાડા) પહોંચ્યો. ત્યાના રહેવાસીઓ ચૂપચાપ બેઠા રહ્યા. તેમનું માનવું હતું કે, સ્વયં સોમનાથ મુસ્લિમ આક્રમણકારોને પાછળ મોકલી દેશે. મહમુદે ત્યાંના

રહેવાસીઓની હત્યા કરીને અને તેમની સંપત્તિનો કબજો લઈને તેમની ધાર્મિક માન્યતાઓનો નાશ કર્યો. પછી ત્યાંથી નીકળીને ગુરુવારે (૬ જાન્યુઆરી, ૧૦૨૬) દરિયા કિનારે આવેલા સોમનાથના મંદિરે પાસે પહોંચ્યો. આ જાણીને કિલ્લાનો રક્ષક તેના પરિવારના તમામ સભ્યો સાથે બોટમાં એક ટાપુ તરફ ગયો જ્યાં તે હુમલા દરમિયાન રહેતો હતો. તેમ છતાં ત્યાંના રહેવાસીઓ કિલ્લા પર મુસ્લિમ સૈન્યની મજાક ઉડાવતા હતા કે તેમનો રક્ષક 'સોમનાથ' મુસ્લિમોનો નાશ કરશે. ડી.સી. ગાંગુલીનું માનવું છે કે તેમના નેતા ભાગી ગયા હોવા છતાં તેમનો ઉત્સાહ ઓછો થયો નથી. બીજા દિવસે શુક્રવાર, 6 જાન્યુઆરીના રોજ મુસ્લિમ સૈન્ય હુમલા માટે આગળ વધ્યું  તે જોઈને હિંદુઓ પીછેહઠ કરી અને મુસ્લિમો સીડીઓનો ઉપયોગ કરીને કિલ્લા પર ચઢ્યા પછી બંને વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થયું. એક તરફ હિંદુઓ તેમના ભગવાન સોમનાથને વિજય માટે પ્રાર્થના કરી રહ્યા હતા, તો બીજી તરફ તેઓ મુસ્લિમો સાથે લડી રહ્યા હતા રાત્રીના સમયે બંને પક્ષોએ યુદ્ધ બંધ કર્યું. બાદમાં મુસ્લિમોએ કિલ્લાનો કબજો લીધો હતો.

બીજી સવારે (૮, જાન્યુઆરી) ફરીથી બંને પક્ષો વચ્ચે સંઘર્ષ શરૂ થયો. બધા હિંદુઓ પોતપોતાના ઘરોમાંથી બહાર આવ્યા અને મુસ્લિમોનો પ્રતિકાર સામે છેલ્લી શક્તિ લગાવી. તેઓ ટોળામાં બહાર આવ્યા અને વિજય માટે ભગવાન સોમનાથને પ્રાર્થના કરતા અને પછી લડતા શહીદ થયા પરંતુ હજારો હિન્દુઓનું બલિદાન પણ તેમની મૂર્તિને ભયંકર વિનાશથી બચાવી શક્યું નહીં. ઇબ્ન અમીર કહે છે કે, આ સંઘર્ષમાં 50 હજાર હિંદુઓ માર્યા ગયા હતા પરંતુ તે મુસ્લિમોના મૃતકોની સંખ્યાનો ઉલ્લેખ કરતા નથી. પરંતુ એ વાતને નકારી શકાય નહીં કે મોટી સંખ્યામાં મુસ્લિમ યોદ્ધાઓને પણ જાનહાનિ થઈ હશે. આગળ તે લખે છે કે બચેલા લોકો હોડીમાંથી સમુદ્રમાં ભાગવાનો પ્રયાસ કરવા લાગ્યા જેમાંથી ઘણા લોકોને મુસલમાનોએ હત્યા કરી અને ઘણાને પાણીમાં ડુબાડી દીધા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

મહમૂદ મંદિરમાં અવરોધ વિના પ્રવેશ્યો અને ઘણી મૂર્તિઓને તોડીને નષ્ટ કરી તેણે સોમનાથની લિંગના ટુકડા કરી નાખ્યા અને હિંદુઓની ધાર્મિક અભિમાન અને ખોટી માન્યતાઓને તોડી નાખી. તેણે તેમાંથી કેટલાક ટુકડાને પોતાની સાથે લીધા અને ગઝનીની મસ્જિદના પગથિયાં પર ફેંકી દીધા. કટ્ટર ઈસ્લામવાદીઓ તેના પર ચાલીને તેની પ્રશંસા કરતા રહ્યા. આ મંદિરમાંથી મહમૂદને લગભગ ૨૦ લાખ દિનાર જેટલી સંપત્તિ મળી હતી. આ રીતે તેમનો હેતુ પૂરો થયો અને લગભગ 15 દિવસ ત્યાં રહીને તેઓ ગઝની જવા રવાના થયા.

ગર્દીજી કહે છે કે આસપાસના હિંદુ ભગવાનના નેતૃત્વમાં તેમનો માર્ગ રોકવા માટે તૈયાર હતા પરંતુ કુશલ મહમુદ એટલો મૂર્ખ નહોતો કે તે તેના થાક અને સંપત્તિથી ભરેલી સેના હિંદુ સેનાથી  જે ચોક્કસપણે ધર્મના જોશમાં રહી હશે, લડીને જોખમ ઉઠાવ્યું હશે. મહમૂદે પોતાનો માર્ગ બદલીને અમહિલવાડા થી મન્સુરા, પછી મુલતાન સુધીના માર્ગને લઈને કપરા માર્ગે તેની સેનાને લઈ જવાનું વધુ સારું માન્યું. તે અનુસાર તેને મન્સુરા તરફ આગળ વધી કાઠિયાવાડ અને કચ્છ વચ્ચેના દરિયા કિનારે પહોંચ્યો. ત્યાંના રહેવાસીઓની મદદથી મહમૂદે એક એવી જગ્યાએ સમુદ્ર પાર કર્યો જ્યાં પાણી બહુ ઓછું હતું. તે પછી સોમનાથથી ૬૦ માઈલ દૂર સ્થિત કંથકોટ (કંદાહત)ના કિલ્લા પાસે પહોંચ્યો. મુસ્લિમ સેનાના આગમનની વાત સાંભળીને ભીમદેવ (બ્રહ્મદેવ) ભાગીને પછી હિંદુઓ પણ પોતાને એકલા જોઈને કિલ્લાની દિવાલોથી દૂર ખસી ગયા. આ રીતે મુસ્લિમોએ સરળતાથી તેનો કબજો મેળવી લીધો અને ઘણી સ્ત્રીઓ અને પુરુષોને બંદી બનાવી, તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવી. ત્યાંથી મુસ્લિમ લશ્કર મન્સુરા તરફ આગળ વધ્યું. આગળ કૂચ કરી રહેલી મુસ્લિમ સેનાને તેના માર્ગદર્શકે, જે સોમનાથના પૂજારી હતા. તે તેઓને એવી જગ્યાએ લઈ ગયા જ્યાં પાણી સુલભ ન હતું. જ્યારે મહેમુદને આ વાતની જાણ થઈ ત્યારે તેણે માર્ગદર્શકને મારી નાખ્યો. મિન્હાજ કહે છે કે, પછી મહમૂદે અલ્લાહને પ્રાર્થના કરી અને થોડા સમય પછી રાત પૂરી થઈ. મહેમૂદે આકાશમાં પ્રકાશ જોયો.

મહમૂદે સૈન્યને તે તરફ જવાનો આદેશ આપ્યો. પછી મુસ્લિમ લશ્કર જ્યાં પાણી સુલભ હતું ત્યાં પહોંચી ગયું. મહમૂદ મન્સુરા પહોંચ્યો ત્યારે ત્યાનો શાસક ખફીફ ભાગી ગયો. તેના ઘણા અનુયાયીઓ માર્યા ગયા. ત્યારબાદ તે મુલતાન તરફ આગળ વધ્યો. વચ્ચે પાણીના અભાવે મહમૂદના સૈન્યને ભારે યાતનાનો સામનો કરવો પડ્યો. આ સાથે સિંધના જાર અને ભાટીઓએ પણ તેમને ખૂબ પરેશાન કર્યા જેના કારણે તેમના ઘણા સૈનિકોએ જીવ ગુમાવવો પડ્યો. મહેમુદનું સૈન્ય સંપત્તિથી લદાયેલું હતું અને થાકેલું હતું અને જલ્દીથી ગઝની પહોંચવા માંગતું હતું. તેથી રસ્તામાં તેમની છેડ-છાડ કર્યા વિના તે 2 એપ્રિલ 1026 ના રોજ ગઝની પહોચ્યો.

**સમાપન :**

મૂળ મંદિર ઈ. સ.ના પ્રથમ સૈકામાં બંધાયું હોવાનું મનાય છે. આ મૂળ મંદિરના સ્થાને બીજી વાર ઈ. સ. 649માં ફરીથી તેનું બાંધકામ થયેલું. આઠમી સદીના પહેલા ચરણ દરમિયાન આ મંદિરની ભારતભરમાં ખ્યાતિ પ્રસરી હતી. ત્રીજી વખત ઈ. સ. 800માં લાલ પથ્થરોથી તેને ફરી બાંધવામાં આવેલું. 6–1–1026ના દિવસે મહમ્મદ ગઝનવીએ અહીંનો કિલ્લો જીતી લઈ મંદિરને તોડીને બાળી નાખેલું. 1114માં સોલંકીયુગ દરમિયાન કુમારપાળના શાસન વખતે પાશુપતાચાર્ય ભાવબૃહસ્પતિએ પાંચમી વખત તેનું મૂળ સ્થાને નિર્માણ કરાવેલું તથા મંદિરના શિખર પર સુવર્ણ કળશની સ્થાપના કરેલી. 1296માં અલ્લાઉદ્દીન ખલજીએ પોતાના લશ્કર દ્વારા હુમલો કરી લિંગના ટુકડા કરેલા, આ ટુકડા દિલ્હી લઈ જવાયેલા. તે પછી જૂનાગઢના રાજા મહિપાલે તેનો પુનરુદ્ધાર કરેલો. તેના પુત્ર ખેંગારે 1325–1351 દરમિયાન તેમાં શિવલિંગની સ્થાપના કરેલી. 1469માં મહમ્મદ બેગડાએ લિંગની પૂજા થતી હોવાનું જાણી મંદિરના સ્થાને મસ્જિદ બંધાવી. 1783માં ઇંદોરના હોલકરની રાણી અહલ્યાબાઈએ જૂના મંદિરથી થોડે દૂર નવું મંદિર બંધાવેલું. શિવલિંગની સ્થાપના ભોંયરામાં કરી અને ઉપરના ભાગે નવા મંદિરની સ્થાપના કરી.

1947માં ભારત આઝાદ થતાં ચાલુક્યશૈલી અનુસાર સરદાર વલ્લભભાઈ પટેલ, ક. મા. મુનશી તથા જામનગરના જામસાહેબની પ્રેરણાથી નવા મંદિરનું નિર્માણ કર્યું. 1951–1961 દરમિયાન તેનું બાંધકામ પૂર્ણ થતાં તેને 'કૈલાસ મહામેરુપ્રાસાદ' નામ આપવામાં આવ્યું. ભારતભરમાંથી વિદ્વાનોને આમંત્રણ આપી તેમના સહકારથી મંદિરનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ મંદિરનું શિખર 52.5 મીટર (175 ફૂટ) ઊંચું છે. 11 મે, 1951ના રોજ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદને હસ્તે અહીં જ્યોતિર્લિંગની સ્થાપના કરવામાં આવી.

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભ :**

૧) મૃત્યુંજયકુમાર, ભારતનો પ્ર ઈતિહાસ, વીર બહાદુરસિંહ વિશ્વવિદ્યાલય, જૌનપુર.

૨) મિશ્ર, જે. એસ., અ ન્યુ લાઈટ આન કન્ટેમ્પરી એકાઉન્ટસ ઓફ સુલતાન મહમૂદ ઇનવેઝન આન સોમનાથ, જર્નલ ઓફ સોશ્યલ સાયન્સ, વારાણસી,

3) જ્હોન બ્રિગ્સ, હિસ્ટ્રી ઓફ દ રાઈસ ઓફ દ મહોમેડન પાવ ઇન ઇન્ડિયા. ખંડ -૧, કલકત્તા.

૪) ઇલિયટ ખંડ-૨

૫) આઈ. એચ. ક્યું., ડિસેમ્બર, ૧૬૫૬

૬) રાજસ્થાન જીલ્લા ગેજેટીયર, જૈસલમેર ( જયપુર,૧૬૭૩ )

૭) ગેહલોત, રાજપુતાના નો ઈતિહાસ, ખંડ -૧, રાજસ્થાન.

૮) દ સ્ટ્રગલ ફોર એમ્પાયર, પૃ – ૨૦

૯) સાખો ખંડ -૨, પૃ- ૧૩, રાજસ્થાન.

૧૦) મજુમદાર, અશોક કુમાર, ચાલુક્ય ઓફ ગુજરાત, બોમ્બે, ૧૬૫૬.

૧૧) શિવપ્રસાદ રાજગોર, સોમનાથ, ગુજરાત વિશ્વ કોષ ટ્રસ્ટ, અમદાવાદ.

૧૨) મુંબઈ સમાચાર, ઉત્સવ પૂર્તિમાં પ્રકાશિત લેખ.